# Welcare TODAY

LIVE RIGHT, LIVE HEALTHY




## Contents


Dr Mody: Teaching is my Responsibility ................. 2

સંત ભગવંતોના આશિર્વાદ જ પ્રેરણા તેમજ કાર્યસિધ્ધી આપે ..... ૨

Things keep on getting better... ................................ 3

Laparoscopic Hernia Repair ................................... 4


હવે લાગશે સોય એકજ વખત ................................ ૫

ડેન્ગીના આતંક સામે વેલકેરની હુંફ ........................... ૬

સ્પાઈન સર્જરીથી ડરવાની જરૂર નથી - જ્યોત્સનાબેને સ્વાસ્થ્ય અધિકાર દિવસે તપાસ કરાવી અને સ્પાઈન સર્જરી કરાવી લીધી... ૭


**Special Features on Technology and Mosquitoes....**







Issue No. 8 | Volume No. 1 | Published on 1 December 2016




# Dr Mody: Teaching is my Responsibility

Says Dr Mody when he is invited to teach Orthopaedic surgeons at Surgical Conferences.

One of the fundamental ways in which the medical fraternity ensures that the following generations of doctors have a higher quality of skills, is by ensuring that the existing generation of doctors take on the responsibility of teaching the next generation. This is especially true in the surgical specialities where newer technologies and techniques with human skills are evolving rapidly.

But, as usual, there is a but! A doctor allocating time for teaching means he/she has to take time off from financially productive business hours! Teaching in India is not a remunerative activity yet. This is the reason why many knowledgeable and skilled seniors avoid teaching!

Dr Bharat Mody however has always considered teaching to be his duty and responsibility. He believes that as a teacher he can pass on his knowledge and skills to the present and future generations of Orthopaedic Surgeons of India.




Recently he was invited to the ‘Elite Arthroplasty Course’ in Chandigarh organized by the Max Group of Hospitals where close to 550 orthopaedic surgeons from cities and towns of north India had come to learn from key opinion leaders of our country. The conference had national and international surgical experts presenting their views on orthopaedic surgery.

Dr Mody spoke about futuristic technologies, some of which are already being used at Welcare Hospital in joint replacements and which will eventually be used all over India.

# સંત ભગવંતોના આશિર્વાદ જ પ્રેરણા અને કાર્યસિધ્ધી આપે



ડાબે-ઉત્સવ દરમ્યાન શ્રી પ.પૂ. શ્રી ઘનશ્યામ પ્રકાશ દાસ જી એ ડૉ ભરત મોદી નું સન્માન કર્યું હતું. નીચે-ડૉ મોદી, પૂજ્ય. શુક વલ્લભ દાસજી સ્વામી અને દિવ્ય ભાસ્કરના મેગેઝીન એડિટર શ્રી. કૃષ્ણકાંત ઉનડકટ.



કંડારી ખાતે સ્વામીનારાયણ ગુરુકુલ દ્વારા શ્રી. ઘનશ્યામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં વેલકેર હોસ્પિટલ દ્વારા વિનામુલ્યે તબીબી તપાસ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે મહોત્સવમાં આવેલા લોકોને હાડકાને લગતા રોગો વિશે નિશુલ્ક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૫૦૦થી વધુ લોકોએ નિઃશુલ્ક સલાહનો લાભ લીધો હતો. વડોદરા શહેરના બીજા તબીબોએ પણ આ સેવાકાર્યમાં યોગદાના આપ્યું.

**Welcare TODAY**

## Editorial Board

**Patron**
Dr Bharat Mody
**Editor**
Dr Harshida Mody
**Editorial Team**
Shri Sumanbhai Mody
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah

## Contact Us

Do you have any query about any medical illness? Are you in two minds about getting a medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

તબીબી સલાહ માટે
અમારો સંપર્ક જરૂર કરો

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નિઃશુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરશો.

**communication@welcarehospital.co.in**

**Welcare Hospital**

*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
☎ - 0265 2337172
www.welcarehospital.co.in

## Appointments

Doctors' appointments at
Welcare Hospital
[9:00 AM to 6:00 PM]

વેલકેર હૉસ્પિટલના ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ માટે ફોન કરો. સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

**☎ 9327435570**
**☎ 9328921614**
**☎ 9904301460**

# Things keep on getting better...

Science and technology keep on bettering human life in general and human health in particular. A few decades ago people died because of ailments like appendicitis or hernias; now, if properly diagnosed and managed, they have become 'day care surgeries', meaning the patient walks in to the hospital in the morning and may walk out the same day or at the most the next day. For that, the technique of Minimally Invasive Surgery, also called MIS, is used. The smallest incisions are used and as far as possible the tissue around the diseased part is not cut or touched. This is possible through 'Laparoscopic Surgery', where very small instruments are pushed inside the body through 1-2 cm nicks and the diseased part is operated upon.



*Press a button and view the veins*

Even major injuries inside the shoulder or knee joint can now be cured through day care surgery, also done through laparoscopic technique, but called arthroscopic surgery. As time passes and nano technology is further developed, the large cuts that surgeons have been making since nearly 200 years will be history. Very small cuts, more like needle pricks, will be enough to perform surgery, perhaps in the next 50 years.

But human beings are ever demanding creatures. They do not like the needle prick. In the current times, when surgery is done under anaesthesia and the patient feels no pain, the needle prick is the one pain most patients fear. Also, another fear point is the pain at the surgical wound after surgery.

Current technologies and devices have luckily helped mankind. A device which locates veins helps doctors and nurses insert an intravenous needle in a single prick. Similarly, post operative pain can now be reduced




*Press a button and your pain goes away...*


by the patient himself or herself. When the patient experiences unbearable pain, he/she may press a button. An electronic pump releases a small quantity of pain reducing medication and the patient feels better. Welcare Hospital, a pioneer in implementing the latest technologies, uses both the devices since a long time. One feature in this issue explains how needle pricks will now be limited to only one in most cases. In future issues we will present features on more state of the art medical devices which have made life much, much better for patients.





*A token of Appreciation for Welcare Hospital's contribution of a mini hospital.*

# Laparoscopic Hernia Repair: Less Pain, Quick Recovery

## Requires a hospital geared for special surgeries and surgeons with higher skills




*Above: Types & Sites of Hernia. Below: Stages of Hernial growth & complications. A strangulated Hernia may be life threatening.*




## What is a Hernia?

In most cases it is a bulging of the intestines through a weak point in the abdominal wall. Hernias may occur at many places as shown.

Hernia can never be cured with medicine or devices. Surgery is the only cure for Hernia.

Hernia repair surgery may be done only by pushing the protruding part inside and stitching the abnormal opening with or without a wire mesh.

## Laparoscopy for Hernia

20 years ago it was done by open surgery, but with the progress of Laparoscopy Techniques, Laparoscopic Hernia Repair [LHR] surgery began. It is routinely done in Welcare Hospital.


The most common hernias are Inguinal hernias. Repair of these hernias is one of the most commonly performed surgical procedures in the world.

## Advantages

Although hernia surgery can be done by open surgery, LHR offers many advantages like less pain, faster recovery and resuming work or daily activities. Also, LHR is the best surgery in cases where hernia has recurred.

## Difficulties


However, LHR needs the best operation theatres and very expensive equipment. Besides, it requires surgeons with high skills and huge experience. As Welcare Hospital offers both, Laparoscopic Hernia Repairs are routinely done here.



*LHR is done through a few small nicks like other Laparoscopic Surgeries*

## A Real Life Case

49 years old Shri Pravinchandra Dandiwala had undergone a open [not LHR] hernia surgery in 1993. The surgery was successful but in 2016 he suffered pain in the right lower abdomen. He also noticed a swelling. The swelling could not be pushed back into the abdomen and this was a dangerous sign.




*Pravinbhai's hernia was obstructed, it could not be pushed back, it could have been strangulated, it was risky*

He took medical advice and was eventually brought to Welcare for LHR.

An old previously operated case is difficult to re-operate because the surgeon has to cut around old scars and such wounds do not heal well. But LHR is done through small nicks some distance away from the old scar, and the LHR nicks heals well and quickly.

Pravinbhai took treatment in time. His hernia was obstructed [it could not be pushed back], and it could have become strangulated; which would have turned into a highly risky life threatening condition in no time...



*Shri Pravinchandra Dandiwala*

# હવે લાગશે સોય એકજ વખત

## વારંવાર સોય લાગવાની શક્યતા ઓછી કરતી અદ્યતન ટેકનોલોજી હવે વેલકેર હોસ્પિટલમાં

અનેક ક્ષેત્રોની જેમ મેડિકલ ક્ષેત્રે પણ પણ અવનવી શોધો થતી રહેતી હોય છે. તેમા દર્દ ઓછુ થાય તેવી ટેકનોલોજીથી દર્દીઓને ખૂબજ ગમે એવી રાહત મળી રહી છે. દર્દીને ગમે એવી રાહત કહીએ છીએ કારણ મોટમોટા બહાદૂર પહેલવાન પણ એક વસ્તુથી ખૂબ જ ડરે છે : “ડૉક્ટરની સોય...”

જી હા... ડૉક્ટરની સોયથી લોકો કેટલા ડરે છે તે જોઈએ સાંધા પ્રત્યારોપણ સર્જન ડૉ ભરતભાઈ મોદીના દર્દીઓ સાથેના અનુભવો દ્વારા. ડૉ ભરતભાઈએ ઈન્ગ્લેન્ડ તેમજ યુ.એસ.એ. માં તાલીમ લીધી છે તેમજ એક સર્જન તરીકે કામ પણ કર્યું છે. તેઓ કહે છે :

આપણા દેશમાં દર્દીઓની માનસિકતા પશ્ચિમના દેશોના લોકો કરતા અલગ હોય છે. એક દાખલો આપું. હું વિદેશમાં મારી ફેલોશીપ કરી રહ્યો હતો તે દરમ્યાન એક ૭૫ વર્ષની અંગ્રેજ સ્ત્રી હોસ્પીટલમાં આવી અને પગના અંગૂઠાનું હાડકું વધતું હોવાની સમસ્યા જણાવી. આ સમસ્યાને મે સામાન્ય ગણી અને કહ્યું કે થોડા મોટા બુટ પહેરશો તો દુઃખાવો નહિ થાય. બીજો ઉપાય ઓપરેશનનો હતો, તેનાથી મેડમનો દુઃખાવો હંમેશ માટે મટ્યો હોત. તે અંગ્રેજ લેડીએ કહ્યું - ડોક્ટર હું મોટા બુટ પહેરીને મારી જાતને ઘરડી દેખાડવા નથી માંગતી! હું અંગુઠાની સર્જરી કરાવવા સંમત છું !

તેની જગ્યાએ ભારતની મહિલા હોત તો શું થયું હોત ? ઉમર ફક્ત ૫૫-૬૦ વર્ષ, ઘૂંટણની અસહ્ય પીડા, ચાલી ના શકતી હોય, દાદરા ચડવા તો જવા દો પણ ઘરનો ઉંબરો ઓળંગવો હિમાલય આરોહણ સમાન હોય, તેવી સ્ત્રીઓ અમારી હોસ્પીટલમાં આવે (જ્યા



ડૉ ભરતભાઈ ‘વેઈન-સ્પાય’ સાધનથી નસ કેવી રીતે દેખાય તે બતાવે છે

ઘૂંટણના દુઃખાવામાટે ઓપરેશન દ્વારા સર્વશ્રેષ્ઠ સારવાર મળે છે) તો કહેતી હોય છે કે સાહેબ, મને દવાથી જ સારી કરી આપજો ને...!

હું તેમને કહુ છું કે તમને અત્યાધુનિક ટેકનોલોજીથી, ઝીરો ઈન્ફેક્શન સર્જરીથી, ઉત્કૃષ્ટ સાંધો વાપરી ઓપરેશન કરી દોડતા કરી દઈશ, તો પણ આપણી ભારતીય મહિલાઓ કહે છે કે સાહેબ ગોળીઓથી સારૂ ના થતું હોય તો ૧-૨ ઈન્જેક્શન આપજો ને...

૭૫ વર્ષની અંગ્રેજ સ્ત્રી અને ૫૫-૬૦ વર્ષની ભારતીય નારીઃ આમ ભલે બે અલગ દેશની હોય, પણ છતાં છે તો મનુષ્યજ ને? તો પછી આ બે વચ્ચે આટલો તફાવત કેમ?

જાણવા લાયક છે કે ભારતના દર્દી આવશ્યક હોય તો પણ ઓપરેશન ટાળવાનો પ્રયત્ન કરે છે કારણ તેમને લાગતો હોય છે ઓપરેશન પહેલા લાગતી અનેક સોયનો ભય!

પરદેશમાં નસમાં સોય મુકવાની હોય તો ‘વેઈન-સ્પાય’ નામનું ખાસ મશીન વાપરે છે, જેથી એક જ વખત સોય ભોકવી પડે. હાથપર તે મશીન મુકવામાં આવે તો ગમે તેટલી મેદસ્વી વ્યક્તિની નસો ચોખ્ખી દેખાય છે અને એક પંક્ચરમાં કામ પુરૂ થાય છે.

આવા મશીન હજું ભારતની બધી હોસ્પિટલોમાં વપરાતા નથી. નસમાં સોય મુકવી હોય તો ડૉક્ટર અને નર્સની કુશળતા અને અનુભવ જ મદદરુપ રહે છે. મેદસ્વી દર્દીઓમાં તો નિષ્ણાત ના હાથ માં પણ નસ મળે ત્યા સુધી બે ત્રણ વખત સોય લગાવવી પડે છે. આપણા દેશના ડૉક્ટર અથવા નર્સની કુશળતામાં કમી નથી. ભારતના તબીબો તેમજ નર્સ દુનિયાભર વખણાય છે. પણ આપણે પાછળ રહીએ છીએ ટેકનોલોજી ક્ષેત્રમાં.

વેલકેર હોસ્પિટલમાં નસ ના દેખાતી હોય તો ‘વેઇન-સ્પાય’ ચોક્કસથી વપરાય છે.





ડાબે-હાથ પર કોઈપણ નસ સહેજ પણ દેખાતી નથી. આવી પરિસ્થિતીમાં બાટલા ચડાવવા ૨-૩ વખત સોય લગાવવી પડે. જમણે- તેજ જગ્યાએ વેઈન-સ્પાય મશીન નસની અચૂક જગ્યા બતાવે છે. એકજ પંક્ચરથી નસમા સોય જશે

# ડેન્ગીના આતંક સામે વેલકેરની હુંફ

## જેની કોઈ અક્સીર દવા નથી તેવા આ મછ્છરજન્ય રોગે શહેર, રાજ્ય અને દેશમાં ખરેખર આતંક મચાવ્યો છે

ગયા ૫-૧૦ વર્ષથી આખા ભારતમાં વધુ પ્રમાણમાં સાંભળવામાં આવેલો શબ્દ છે 'ડેન્ગી'! તાવ, દુઃખાવો, રક્તમાં પ્લેટલેટનું પ્રમાણ ઘટવું વગેરે લક્ષણો ધરાવતો આ રોગ મોટા ભાગે મટી જાય છે પણ ક્યારેક જીવલેણ થઈ શકે છે. એટલેજ ડૉક્ટરના

> ડેન્ગ્યું કે ડેન્ગું કે ડેન્ગી **Dengue** નો સાચો ઉચ્ચાર છે **ડેન્ગી**

> **ડેન્ગીના લક્ષણો**
>
> અચાનક આવતો વધારે તાવ, સખત માથુ દુઃખવું, આંખની પાછળ દુઃખાવો, સાંધા, સ્નાયું તેમજ આખા શરીરમાં દુઃખાવો, થાક, ઉબકા-ઉલટી, તાવની શરૂઆતના ૫-૬ દિવસ પછી ચામડી પર રેશ વગેરે.

મોઢેથી ડેન્ગી શબ્દ સાંભળતાજ બધાનેજ ઘણી ચિંતા થાય છે. એક સર્વે મુજબ દર વર્ષે દુનિયામાં ૧૦ કરોડ જેટલા લોકો ડેન્ગીનો શિકાર બનતા હોય છે. આપણા દેશમાં પણ દર વર્ષે ઘણા લોકોના મૃત્યુનું કારણ ડેન્ગી હોય છે. રોજ સમાચારમાં ડેન્ગીનો ઉલ્લેખ હોય છે. વડોદરામાં છેલ્લા ૩ મહિનામાં ડેન્ગીના કારણે ૨૦થી વધુ દર્દીઓ મૃત્યુ પામ્યા છે.

### વાઈરસ અને મછ્છર

વાઈરસથી થતો આ રોગ મછ્છર કરડવાના લીધે ફેલાય છે. મછ્છર વધે છે ગંદકીમાં... ડેન્ગીની સારવાર કરવી હોય તો તે દેખીતું છે તે કરવી જોઈએ સ્વચ્છ હોસ્પિટલમાં. ઘણીવાર હૉસ્પિટલોમાં સ્વચ્છતા ન હોવાને કારણે પણ દર્દી બીમારી માંથી નીકળવાને બદલે વધારે બીમાર બનતો હોય છે. ડેન્ગીના દર્દીઓની વિશેષ સંભાળમાં સૌથી અગત્યની વાત છે સ્વચ્છતા.

### સ્વચ્છતા

એ વેલકેર હોસ્પિટલના અનેક ધ્યેયોમાંથી અગત્યનું ધ્યેય છે. હોસ્પિટલની બિલ્ડીંગના પ્રત્યેક ભાગમાં દિવસમાં ૨-૩ વખત કચરા-પોતું થાય છે. તદ ઉપરાંત જંતુઓને નષ્ટ કરે તેવી દવાઓ વાપરી બધે સર્ફેસ ક્લિનીંગ કરવામાં આવે છે. ઓપરેશન થિએટરોમાં ફયુમિગેશન કરવામાં આવે છે. હોસ્પિટલમાં આવતી હવા પણ ફિલ્ટર થઈનેજ અંદર આવે છે. એટલે વેલકેર હોસ્પિટલમાં મચ્છર તો ઠીક સુક્ષ્મ જીવાણુઓનું પ્રમાણ પણ નહીવત હોય છે.

તે કારણેજ ૩ મહિના પહેલા વેલકેર



ડેન્ગી ફેલાવનાર મછ્છર Aedes Aegypti

હોસ્પિટલને ગુજરાત રાજ્યના ગવર્નરશ્રી ઓ.પી. કોહલી દ્વારા "સ્વચ્છ હૉસ્પિટલ" નો પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### ડેન્ગીની સારવાર

દર્દીની પુરતી દેખરેખ અને સપોર્ટીવ ટ્રીટમેન્ટથીજ થાય છે. આ વર્ષે પણ વેલકેર હોસ્પિટલમાં ડેન્ગીના અનેક દર્દી દાખલ થયા હતા તેમાથી બધાજ સારા થઈને ગયા. તેનું કારણ છે કે સ્વચ્છતાને પ્રાધાન્ય અને રમણીય વાતાવરણ.

### ડેન્ગીના દર્દીની હકિકત

ડેન્ગીના દર્દી શ્રીમતી સમતાબહેન મિશ્રા સારવારમાટે વેલકેર હૉસ્પિટલમાં દાખલ હતા તે વખતના તેમના અનુભવ વર્ણાવે છેઃ "વેલકેર હૉસ્પિટલ અત્યાધુનિક હૉસ્પિટલ છે, તેનું બાંધકામ ઉચ્ચ કક્ષાનું છે. હોસ્પીટલ ફાઈવ સ્ટાર હોટેલની જેમ છે. મારી સારવાર દરમ્યાન ડોક્ટર અને નર્સીસ મને અનેક વખત મળવા આવતા. મારા પ્લેટલેટ્સનું કરાવતા. પી.આર.ઓ. સ્ટાફ, પેશંટ અટેન્ડન્ટ, સિક્યોરીટી વગેરે બધાજ સારૂ ધ્યાન આપતા હતા, એક પરિવારજન તરીકે ધ્યાન રાખતા હતા. ડેન્ગી અને વેલકેર મારા માટે એક યાદગાર પ્રસંગ બની ગયો છે.



શ્રીમતી સમતાબહેન મિશ્રા હૉસ્પિટલમાંથી ઘેર ગયા પછી ધીરે ધીરે સાજા થયા

# સ્પાઈન સર્જરીથી ડરવાની જરૂર નથી


'સ્પાઈનલ સ્ટીનોસીસ' થી પીડિત અમદાવાદના જ્યોત્સનાબેન કહે છે સ્પાઈન સર્જરી સફળ થાય છે...

અમદાવાદના શ્રીમતી જ્યોત્સનાબેન શાહને પીઠ તેમજ કેડમાં સતત દુઃખાવો રહેતો હતો. તેમને સ્પાઈનલ સ્ટીનોસીસ છે તેમ કહેવામાં આવ્યું હતું. આ બીમારીમાં કરોડરજ્જુ અમુક ભાગમાં સાંકળો થાય છે અને તેના કારણે નસો દબાય છે અને દર્દીને સતત દુઃખાવો થાય છે. તેની સારવાર માટે ઓપરેશન કરાવવું પડશે તેમ સલાહ તેમને આપવામાં આવી હતી. પણ સ્પાઈન સર્જરી એટલે જોખમી, દર્દ મટે નહી અને તેના કારણે લકવો થઈ શકે તેવી માન્યતાના કારણે જ્યોત્સનાબેન ઓપરેશન ટાળતા હતા. તે વખતે તેમને સ્વાસ્થ્ય અધિકાર દિવસની વેલકેર ટુડે મેગેઝીન દ્વારા માહીતી મળી.

જ્યોત્સનાબેન ૭૫ વર્ષની ઉંમરે પીઠના દુઃખાવામાટે ઓપરેશન કરાવવું કે નહી તેવી દ્વિધા મનસ્થિતીમાં હતા. બીજો અભિપ્રાય તો લઈએ એમ વિચારી શાહ પતિ-પત્ની ૫ નવેમ્બરની રોજના સ્વાસ્થ્ય અધિકાર દિવસે તપાસ માટે વેલકેર હૉસ્પિટલમાં આવ્યા.

વેલકેર હૉસ્પિટલ જોઈને બંને જણા આશ્ચર્યચકીત થઈ ગયા. અમદાવાદની કોર્પોરેટ હૉસ્પિટલો કરતા તેમને વેલકેર હૉસ્પિટલ સારી લાગી. પણ વેલકેરમાં પણ એ જ સલાહ મળી કે ઓપરેશન કરાવો અને ઓપરેશન વેલકેર હૉસ્પિટલમાં થઈ શકે તેમ હતું.

તે જ વખતે શાહ પતિ-પત્નીએ ઓપરેશન કરાવી લેવાનું નક્કી કર્યું અને ઓપરેશનની તારીખ લઈનેજ પાછા અમદાવાદ ગયા.




સ્પાઈનલ સ્ટીનોસીસ માં સ્પાઈનલ કેનાલ સાંકળો થાય છે અને દર્દીને કમરથી પગ સુધી પીડા, પગમાં બહેરાશ, લાંબો સમય બેસી ન શકાય, કમરમાંથી વાંકા વળી ન શકાય, કમરમાં અસહ્ય દુઃખાવો વગેરે તકલીફો થતી હોય છે.

નિયુક્ત કરેલા દિવસે તેઓ વેલકરમાં દાખલ થયા અને ધાર્યા પ્રમાણે તેમની શલ્યક્રિયા સફળ રીતે કરવામાં આવી.

જ્યોત્સનાબે કહે છે "લાંબા સમયથી મને કમરમાં દુઃખાવો થતો હતો, સમય જતા દુઃખાવાએ ગંભીર રૂપ ધારણ કર્યું. દુઃખાવો અસહ્ય બન્યો. છેવટે મેં વડોદરાની વેલકેર હોસ્પીટલમાં રીપોર્ટ કરાવ્યા અને ત્યાના ન્યુરો સર્જનને બતાવ્યું કે કમરની સમસ્યા મોટી છે અને ઓપરેશન વગર તેનો ઉકેલ લાવી શકાય તેમ નથી.

જ્યોત્સનાબેન કહે છે "મારા ઘણા સંબંધી મિત્રોએ મને ઓપરેશન કરાવાની ના પાડી હતી પરંતુ હું વેલકેરના સ્થાપક ડૉ ભરત મોદીને મળી અને તેમને મને વિશ્વાસ અપાવ્યો કે આ બધી ખોટી માન્યતાઓ છે, સ્પાઈન સર્જરી સફળ નીવડે છે અને તેના લીધે કોઈ સમસ્યા ઉત્પન્ન થતી નથી. વેલકેર હૉસ્પિટલમાં આ પ્રકારની જટીલ સર્જરી અવાર નવાર થતી હોય છે અને તેમાથી બહુતાંશ સર્જરી સફળ થાય છે. ઓપરેશનના બીજાજ દિવસથી ફીઝીયોથેરાપીસ્ટ મને ચલાવે છે અને જરૂરી વ્યાયામ કરાવે છે. ત્રણ દિવસ પછી હું મારા ઘરે અમદાવાદ પરત ફરી રહી છું. કોઈને મારી જેમ પીઠ અથવા ઘુટણની તકલીફ હોય તો એક વખત સ્વાસ્થ્ય અધિકાર દિવસનો ચોક્કસ લાભ લેવો જોઈએ અને જરૂર પડે તો સર્જરી પણ કરાવી લેવી જોઈએ.





**ડાબે**-જુના દર્દી -૨૦૦૫માં ડૉ મોદીએ શ્રી શાહ તેમજ શ્રીમતી જોત્સનાબેનના બંને ઘૂંટણના પ્રત્યારોપણ કર્યા હતા. **જમણે**-બીજા દિવસથીજ જોત્સનાબેન ચાલી શકતા હતા.

સ્વાસ્થ્ય અધિકાર દિવસે નિઃશુલ્ક તપાસનો લાભ લઈને પછી સ્પાઈન સર્જરી કરાવી લીધી

# વેલકેર હોસ્પિટલ ઘોષણા કરી રહ્યું છે કે

## દર મહિનાના પહેલા શનિવારને સ્વસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે






ઘૂંટણનો સાંધો ઘસાય ત્યારે ચાલવું, ઉઠવું-બેસવું, રાત્રે ઉંઘમાં પડખુ ફરવું વગેરે દૈનિક પ્રવૃત્તી પીડાદાયક હોય છે. તબીબી તપાસ પણ સહન થતી નથી. ઘૂંટણ પ્રત્યારોપણ (ટી.કે.આર.) થી આવા દર્દીઓને ખૂબ રાહત મળે છે.

### જનરલ સર્જરીના દર્દીઓમાટે ખાસ તક

નિમ્નલિખીત સર્જરીની જરૂરીયાત ધરાવતા દર્દીઓએ વિનામુલ્યે તપાસનો લાભ લઈ ઓપરેશન કરાવતા પહેલા બીજુ ઓપીનિયન મેળવવું

- હરસ, મસા, ભગંદર, વાઢિયા
- પથરી (પિત્તાશય તેમજ કિડનીની પથરી)
- સારણગાંઠ (હર્નિયા)
- વધરાવળ (હાઈડ્રોસીલ)
- થાઈરોઈડ
- સ્તનની ગાંઠ
- મેદસ્વીપણું (ઓબેસિટી)
- પેટ અને આંતરડાના રોગો

| | |
|---|---|
| ૩ ડિસેમ્બર ૨૦૧૬ | ૭ જાન્યુઆરી ૨૦૧૭ |
| ૪ ફેબ્રુઆરી ૨૦૧૭ | ૪ માર્ચ ૨૦૧૭ |

**વહેલા તે પહેલા ધોરણે ૧૫૦ હાડકાના રોગોના અને ૫૦ જનરલ સર્જરીના દર્દીઓના નામ નોંધવામાં આવશે. એપોઇન્ટમેન્ટ વગર વિનામુલ્યે તપાશ થઈ શકશે નહી.**

**એપોઇન્ટમેન્ટ માટે ફોન કરો સવારે ૯ થી સાંજે ૫ સુધી**

**0265 2337172**

**સરનામું**

**વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા**

**Welcare Hospital**

we care

**આંખની તપાસ, ડાએટ (ખોરાક) સલાહ તેમજ ડાયાબેટીક ન્યુરોપેથીની તપાસ પણ કરવામાં આવશે**

# Book Post

To

**If undeliverable, please return to**
The Editor, Welcare Today
Welcare Hospital
Atladara-Vadsar Ring Road, Atladara,
Vadodara-390012 [Gujarat]
☎ - 0265 2337172
www.welcarehospital.co.in

Edited, Printed & Published by Dr Harshida B Mody
Welcare Hospital, Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat] ☎ - 0265 2337172